મુંબઈ શહેરની સવાર આજે રોજ જેવી નહોતી. રોજ ઊઠીને ઊંઘરેટી આંખો સાથે જ આળસ મરડ્યા વિના લોકલ ટ્રેનની જેમ એક સ્ટેશનથી બીજા સ્ટેશન સુધી જાગતા-ભાગતા-દોડતા અને હાંફતા રહેતા આ શહેરને આજે જાણે કશાયની ઉતાવળ નહોતી.

સવારનાં છાપાં એક એવા સમાચાર લઈને આવ્યાં હતાં, જેનાથી આખું મુંબઈ શહેર જાણે થોડીક ક્ષણો માટે થંભી ગયું હતું. ભારતના ઇકૉનૉમિક કૅપિટલ કહેવાતા આ શહેરમાં એક એવી ઘટના બની હતી, જેનાથી આખું શહેર સ્તબ્ધ થઈ ગયું હતું. આ શહેરમાં એક માણસે આજે નૅશનલ ન્યૂઝની હેડલાઇન ચમકાવી હતી. એ માણસે આજે એક એવું કામ કર્યું હતું જેનાથી આખા શહેરની આંખો વિસ્ફારિત થઈ ગઈ હતી. મોં આશ્ચર્યમાં પહોળું થઈ ગયું હતું અને ભવાં ઊંચાં થઈ ગયાં હતાં.

આમ તો મુંબઈ માટે જ નહીં, દેશભરનાં છાપાંઓ માટે કરણ પટેલ એક એવું નામ હતું, જેના વિશે કંઈ ને કંઈ ન્યૂઝ છાપતા રહેવામાં એમને મજા પડતી. ટેલિવિઝન ચૅનલ્સ માટે કરણ પટેલના ઇન્ટરવ્યૂઝ કંઈક ને કંઈક મજેદાર, ચટપટી ખબર બની રહેતા. કરણ પટેલ કઈ પાર્ટીમાં હાજર રહ્યો એ પણ સમાચાર હતા અને એ કઈ પાર્ટીમાં હાજર ના રહ્યો એને પણ સમાચાર બનાવીને ચગાવવામાં ટેલિવિઝન ચૅનલ્સ અને છાપાંઓ કમાણી કરતા.

હમણાં જ ત્રીસીમાં પ્રવેશેલો આ મોસ્ટ એલિજિબલ બૅચલર હિન્દુસ્તાનની હજારો છોકરીઓના દિલની ધડકન હતો. દેશના કેટલાય મધ્યમ વર્ગથી શરૂ કરીને ઉચ્ચ મધ્યમ વર્ગનાં ઘરની દીવાલો કરણ પટેલના પોસ્ટરથી શોભાયમાન હતી. કરણ પટેલના ઇન્ટરવ્યૂઝ અને સમાચારોનાં કટિંગ્સની સ્ક્રેપ બુક્સ છોકરીઓના ઓશીકાની નીચે એમના દિલ ધડકાવતી રહેતી.

માત્ર છોકરીઓ જ શું કામ, દેશના યુવાનો પણ કરણને પોતાનો આઇડિયલ માનતા હતા. કેટલાય યુવાનોને કરણની જેમ આગળ વધવું હતું, એના જેવા બનવું હતું.

કરણ જે કંઈ હતો, અથવા જે પ્રસિદ્ધિ પામ્યો હતો એમાં મીડિયાનો બહુ મોટો હાથ હતો. કરણનો વિકાસ જે ઝડપે થયો હતો એ જોઈને મીડિયાની આંખો પહોળી થઈ ગઈ હતી. મોટા-મોટા મૂડીવાદીઓના દીકરાઓ પણ એમની પાસે ઇન્વેસ્ટ કરવાના ઢગલો રૂપિયા હોવા છતાં કંપનીનો આવો વિકાસ નહોતા કરી શક્યા. જ્યારે કરણ દેશના યુવાનો માટે એક સેલ્ફ-મેડ સક્સેસનો દાખલો બની ગયો હતો.

યુવાન છોકરીઓ માટે એનો દેખાવ, સ્ટાઇલ, ફન્ડા અને આત્મવિશ્વાસનું કૉકટેલ જીવલેણ બની રહેતું. હિન્દુસ્તાનની આવી લાખો છોકરીઓમાંની એક હતી શિવાંગી...

...શિવાંગી બીજી છોકરીઓ કરતાં થોડી જુદી હતી અને થોડી નસીબદાર પણ. હિન્દુસ્તાનની લાખો છોકરીઓ માત્ર કરણ પટેલનાં પોસ્ટર ચોંટાડીને અને એમની સ્ક્રેપ બુક બનાવીને એને પ્રેમ કર્યાનો સંતોષ માનતી. એના ઇન્ટરવ્યૂઝ ટેલિવિઝન પર જોઈને રાતની ઊંઘ ખોઈને પડખાં બદલતી. જ્યારે શિવાંગી કરણને મળી શકતી હતી. અલબત્ત, રોજેરોજ નહીં, પણ ક્યારેક.

કારણ કે શિવાંગીના પિતા કરણની ગ્રૂપ ઑફ કંપનીઝમાં એ.જી. – એકાઉન્ટન્ટ જનરલ હતા.

કરણને એના પર અખૂટ વિશ્વાસ હતો. ઓમપ્રકાશ દેસાઈ ગાયત્રી ગ્રૂપ ઑફ કંપનીઝના સર્વેસર્વા ગણાતા. એક રૂપિયો પણ એમને પૂછ્યા વિના ત્રીસ હજાર કરોડની કંપનીમાં આમથી તેમ ન થઈ શકતો. ગાયત્રી ગ્રૂપ ઑફ કંપનીઝની પાર્ટીમાં, એની જનરલ મિટિંગ્સમાં કે ક્યારેય પિતાને લેવા-મૂકવાના બહાને શિવાંગી ઑફિસ જતી. એનો ઉદ્દેશ માત્ર અને માત્ર કરણને એક મિનિટ મળવાનો રહેતો.

શિવાંગી કરણ પાછળ પાગલ હતી એમ કહીએ તો ચાલે. લગભગ 19 વર્ષની આ છોકરી કરણથી એક દસકો નાની હતી અને કરણ પણ એને ઓમપ્રકાશ દેસાઈની એકની એક લાડકી દીકરી માનીને લાડ કરતો, પરંતુ શિવાંગી માટે કરણનું એક સ્મિત, એની સાથેની એક મિનિટ કે એની સાથેનો એક ફોટોગ્રાફ લગભગ એના એક શ્વાસ જેટલી કિંમત ધરાવતા હતા.

જોકે કરણને આ બધી ખબર નહોતી જ. એને ભાગ્યે જ કોઈ છોકરી કે સ્ત્રીમાં જરૂરથી વધારે રસ પડતો. ભલભલી પાર્ટીમાં અને સમારંભોમાં કરણની આસપાસ છોકરીઓ ફૂદાની જેમ ઊડાઊડ કરતી, પણ કરણ ભાગ્યે જ કોઈની સાથે જરૂરથી વધારે ભળતો દેખાતો.

શિવાંગીને એ થોડું વધારે મહત્ત્વ આપતો, એટલા માટે નહીં કે એ એના ઍકાઉન્ટન્ટ જનરલ ઓમપ્રકાશ દેસાઈની દીકરી હતી, પણ કરણને શિવાંગની નિર્દોષતા બહુ સ્પર્શી જતી. ઓગણીસ વર્ષની ઉંમરે શિવાંગીના ચહેરા પર નવ વર્ષની છોકરી જેવું ભોળપણ હતું, એ ખડખડાટ હસી શકતી. એની આંખો ઝાડની ડાળી પર હીંચકા ખાતાં પંખીને જોઈને કે છતમાંથી ટપકતા વરસાદના ટીપાને જોઈને ચમકી ઊઠતી!

એ સુંદર હતી, પણ એની સુંદરતામાં એક તાજગી હતી. એક અજબ પવિત્રતા હતી, એક એવી શુદ્ધતા, જે ઝાકળના ટીપામાં હોય. ચંદનની સુગંધમાં કે વહેલી સવારના કૂણા તડકામાં હોય... એની આંખોમાં આશ્ચર્ય હજી અકબંધ હતું ને એની ઉંમરની છોકરીમાં ભાગ્યે જ જોવા મળે એવી સાદગી હતી એના સૌંદર્યમાં. નાનીનાની વાતમાં એ ખુશ થઈ શકતી, બગીચામાં વાવેલા છોડને નવું ફૂલ આવ્યું હોય તો-પણ શિવાંગી માટે ન્યૂઝ બની જતા...

...અને શિવાંગી છાપામાં કરણ વિશે છપાયેલા એક નાનકડા ન્યૂઝની ચબરખી પણ કાપીને સાચવી રાખતી. કરણના બધા જ ઇન્ટરવ્યૂઝ એની પાસે તારીખ-વાર સહિત સી.ડી. પર રેકૉર્ડેડ હતા. કરણ સાથેના એના ફોટોગ્રાફ્સનું એક જુદું આલબમ હતું, જે શિવાંગી એના કબાટના લૉકરમાં રાખતી.

પણ સાચું પૂછો તો કરણ પાછળ ઘેલાં કાઢનારી શિવાંગી એકલી નહોતી, અને શિવાંગી જેવી ભારતની અને ભારત બહાર કેટલીયે ગુજરાતી-બિનગુજરાતી છોકરીઓ હતી, જે લોકો માટે કરણ એક ફિલ્મસ્ટારથી ઓછો નહોતો.

કરણ પટેલ – એવું નામ હતું કે જેણે છેલ્લાં થોડાંક વર્ષોમાં હિન્દુસ્તાનની કૉર્પોરેટ દુનિયામાં અચાનક જ સિતારો બનીને ચમકવાનું શરૂ કર્યું હતું. કોઈ કલ્પી શકે કે સમજી શકે એ પહેલાં કરણ સડસડાટ પગથિયાં ચડવા લાગ્યો હતો અને ગિરધારીલાલ પટેલની થોડાક સો કરોડની નાનકડી કંપનીને એણે રાતોરાત બજારમાં એક નામ અને એક સ્થાન અપાવી દીધું હતું.

માત્ર બુદ્ધિ કે સાહસમાં જ નહીં, બીજા કૉર્પોરેટ કંપનીઝના પુત્રો કરતાં સાવ જુદો હતો. કરણને બીજાઓની જેમ તૈયાર ખુરશી નહોતી મળી, આજે જે કૉર્પોરેટ હાઉસના 11મા માળે એ બેસતો હતો એ બિલ્ડિંગ બાંધતાં એને પાંચ વર્ષ થયાં હતાં. ગાયત્રી ઇન્ડસ્ટ્રીઝને ગાયત્રી ગ્રૂપ ઑફ કંપનીઝમાં ફેરવવા માટે કરણે લોહી-પરસેવો એક કર્યાં હતાં...

અને આજે એના પરિણામરૂપ ગાયત્રી ગ્રૂપ ઑફ કંપની એક લિસ્ટેડ કંપની હતી. જીસીસીના શેર બજારમાં ડબલથી પણ વધુ પ્રીમિયમથી વેચાતા... જેની પાસે જીસીસીના શૅર હોય એ તરી જાય એમ મનાતું. ડિબેન્ચર્સ, બોનસ શૅર... કરણે એ દુનિયામાં સફળ થઈને દેખાડ્યું હતું, જ્યાં પગ મૂકવો પણ અઘરો મનાતો.

ઇન્ફર્મેશન ટેક્નોલૉજીથી શરૂ કરીને સૉફ્ટવૅર સુધી ગાયત્રી ગ્રૂપ ઑફ ઇન્ડસ્ટ્રીઝ ફેલાયેલી હતી. ડિસ્ટલરીના એ બાદશાહ મનાતા.

જ્યારે ડિસ્ટિલરી નાખવી એ બિઝનેસ વર્લ્ડમાં માનપૂર્વક ન જોવાતું કામ હતું ત્યારે ગિરધારીલાલ પટેલે નાસિક પાસે દેવલાલી નજીક મોટી ડિસ્ટિલરી નાખી હતી. એમનો 'ક્રેક બિયર' આજે વિશ્વભરમાં એક માનીતી બ્રાન્ડ મનાતો. 'ક્લિયોપેટ્રા શેમ્પેઇન' પેરિસ અને ઇટાલીના શેમ્પેઇનની બરાબરી કરતો.

એમની ડિસ્ટિલરીની સાથે મિનરલ વૉટર અને સોડાની બ્રાન્ડ પણ ખૂબ ચાલતી. જીસીસી એક બ્રાન્ડ બની ચૂકી હતી. પરંતુ કૉર્પોરેટ વર્લ્ડમાં એનો સ્વીકાર નહોતો, કારણ કે દારૂ બનાવવાને અને ડિસ્ટિલરીને વાંકી નજરે જોનારા દંભી બિઝનેસ વર્લ્ડના માંધાતાઓને એમાંથી થતા નફાની જાણ તો હતી, પરંતુ પોતે દારૂનો ધંધો નથી કરતા એવું કહીને કૉલર ઊંચા રાખનારા આ લોકો ગિરધારીલાલ પટેલને પોતાની દુનિયામાં સામેલ કરવા તૈયાર નહોતા.

મૂળ ગુજરાતના આણંદ પાસે આવેલા ધર્મજ ગામના છ ગામ પટેલ ગિરધારીલાલ માસ્તરના મારની બીકે ભાગીને આણંદ સાઇકલ ઉપર આવી ગયેલા અને ત્યાંથી મુંબઈની ગાડીમાં ચડી બેઠેલા...

વગર ટિકિટે મુંબઈ આવેલો 14 વર્ષનો ગિરધારી – ગિરિયો ચાની લારી પર કામ કરતો, ત્યાંથી ડોંગરભટ્ટીમાં દારૂ ગાળવાની નાનીનાની ઝૂંપડીઓમાં એને કામ મળ્યું... જિંદગીની દિશા બદલાઈ અને ગિરિયો ગિરધારીલાલ પટેલ બન્યો. ડોંગરભટ્ટીની દારૂ ગાળવાની ભઠ્ઠીથી શરૂ કરીને પોતાની ડિસ્ટિલરી શરૂ કરવા સુધીની એની સફર એટલી તો આકરી હતી કે નાની ઉંમરે એને પૈસાની કિંમત સમજાઈ ગઈ. જે પૈસા કમાવામાં આટલી મજૂરી કરવી પડે એ પૈસાથી લાગણી કે સંબંધો ખરીદી નથી શકતા એ સમજાઈ ગયું અને ગિરધારીલાલને પૈસામાંથી જાણે રસ જ ઊડી ગયો.

લગ્ન કર્યાં નહીં, પૈસા કમાઈ અને ગરીબ છોકરાંઓ માટે, વિધવાઓ માટે, અને મુંબઈની વેશ્યાઓ માટે દવાઓ, એમનાં સંતાનો માટે સ્કૂલના ઍડ્મિશનમાં ખર્ચી કાઢવા સિવાય એનો બીજો કોઈ ઉપયોગ થઈ શકે એવી ગિરધારીલાલને ક્યારેય કલ્પના પણ આવી નહીં. એમને માટે પૈસા હાથનો મેલ હતો અને હાથનો મેલ રહ્યો.

ધર્મજથી ભાગીને આવેલો ગિરધારી મુંબઈ શહેરમાં મલબાર હિલ પર રહેતો થઈ ગયો, પણ એના ઘરમાં – એના આત્મામાં ધર્મજ વસતું હતું તે વસતું જ રહ્યું!

ગિરધારીલાલે એક ટીચર રાખીને અંગ્રેજી ભણવાનો પ્રયત્ન કરેલો. એ અંગ્રેજી વાંચતા તો થઈ ગયા, પણ અંગ્રેજી બોલવાનાં ફાંફાં રહ્યાં તે રહ્યાં જ! અંગ્રેજીને એક ભાષા તરીકે માન આપી શક્યા ગિરધારીલાલ, પરંતુ એમની માતૃભાષા એમને માટે મહત્ત્વની હતી અને મહત્ત્વની જ રહી. ડોંગરભટ્ટીમાં રહીને મરાઠી અને બમ્બૈયા હિન્દી બોલતાં શીખી ગયેલા ગિરધારીલાલને અંગ્રેજી બોલવાનો કૉમ્પ્લેક્સ રહી ગયો તે રહી જ ગયો.

સમયે એમને એટલું બધું શીખવાડ્યું, જે શાળાનું શિક્ષણ કે ઍકેડેમિક ક્વૉલિફિકેશન એમને ક્યારેય આપી શકયું ન હોત.

"હું ભણેલો નથી, પણ ગણેલો છું." ગિરધારીલાલ હંમેશાં કહેતા.

એમને દેશભરનાં છાપાં વાંચવાનો શોખ હતો... રાજનીતિ, શૅરબજાર અને બીજા બધા સમાચાર એ ઝીણવટપૂર્વક વાંચતા. સવારનો ખાસ્સા એક-દોઢ કલાકનો સમય એ માત્ર છાપાં વાંચવા માટે ફાળવતા.

◆

રોજની જેમ જ મલબાર હિલ પર આવેલા 'એન્ટવર્પ'ના 20મા માળના એમના પેન્ટ હાઉસના ડાઇનિંગ ટેબલ પર દેશભરનાં છાપાંનો ઢગલો તૈયાર હતો.

એક-એક શહેરનાં છાપાંને છૂટાં પાડીને એના ઉપર તે શહેરના નામની પીળી પોસ્ટેટ લગાડવામાં આવી હતી. બાજુમાં એક ટી-કોઝી ઢાંકેલી કીટલીમાં આદું-ફુદીનો અને લીલી ચા નાખેલી કડક-મીઠી-મસાલેદાર ચા અને ઓરિજિનલ સ્વરોસ્કીના ક્રિસ્ટલના કપ-રકાબી મૂકવામાં આવ્યાં હતાં. સાથે ગરમ-ગરમ કડક ભાખરી અને ઘીની નાનકડી વાડકી હતી. એની બાજુમાં મેથીનો મસાલો...

શેફ કૅપ પહેરેલો બેરા ગિરધારીલાલના ઊઠવાની રાહ જોતો હતો ત્યાં જ એમના ઓરડામાંથી ગોન્ગ વાગ્યું.

ટ્રેમાં બધાં છાપાં અને ચા, ભાખરી અને મેથીનો મસાલો અને ઘીની વાડકી મૂકીને બેરા અદબપૂર્વક ગિરધારીલાલના ઓરડામાં દાખલ થયો.

વીસ બાય વીસનો એ વિશાળ ઓરડો જાણે ઓરડો નહોતો. એક નાનું સેલ્ફકન્ટેન્ટ ઍપાર્ટમેન્ટ હતું. એક તરફ નાનકડી સિટિંગ અને રાઇટિંગ ટેબલની સાથે નાનકડું કૉર્નર સ્ટડી બનાવવામાં આવ્યું હતું. ત્યાંથી બે પગથિયાં ચડીને સહેજ ઉપર એમનો બેડરૂમ હતો. બેડરૂમની ડાબી તરફ ડ્રેસિંગ અને બાથરૂમ, જ્યારે જમણી તરફ આઠ બાય આઠની વિશાળ બાલ્કની હતી. અહીંથી કમલા નહેરુ પાર્ક અને મલબાર હિલનો સર્પાકાર રસ્તો દેખાતો...

ક્વીન્સ નેકલેસનો આખો અર્ધગોળ આ બાલ્કનીમાંથી જોઈ શકાતો. મુંબઈની સુંદરતા જોવા માટે જ બનાવાઈ હોય એવી આ બાલ્કનીમાં નેતરની બે ખુરશીઓ અને એક ટેબલ ગોઠવાયાં હતાં. બેરાએ ઓરડામાં દાખલ થઈને સડસડાટ બાલ્કનીમાં જઈને ટેબલ પર પેલી ટ્રે ગોઠવી દીધી.

ઘડિયાળમાં સાતના ટકોરા પડ્યા. ઘડિયાળ મોડી પડે, પણ ગિરધારીલાલના ઓરડામાંથી વાગતું ગોન્ગ આટલાં વર્ષોમાં ક્યારેય મોડું નહોતું પડ્યું.

ગિરધારીલાલ બાથરૂમમાંથી બહાર નીકળ્યા. હમણાં જ ધોયેલો ચહેરો સ્વચ્છ ચમકતો હતો.

એમના ચહેરા પર એક ખેડૂતના દીકરા હોવાની છાપ જાણે સ્પષ્ટ દેખાતી હતી. ભીને વાન અને લગભગ છ ફૂટ જેટલી ઊંચાઈ ધરાવતા ગિરધારીલાલ શરીરે ખડતલ હતા. પહોળા ખભા, વિશાળ છાતી, કસાયેલાં બાવડાં અને મજબૂત કાંડાં મહેનતકશ જિંદગી જિવાયાની સાબિતી હતાં. મુંબઈની તડકી-છાંયડીએ એમના ચહેરાને એક બરછટતા આપી હતી. એમનો ચહેરો જોતાં જ એવું લાગતું કે જાણે હમણાં ગુસ્સે થઈને ખખડાવી નાખશે. ક્યાંય માયાનો, પ્રેમનો કે સ્નેહનો અંશ એમના આખા વ્યક્તિત્વમાં શોધ્યો જડે તેમ નહોતો... સિવાય કે એમની આંખો. ભૂખરી અને મોટી આંખોમાં જો તમે જોઈ શકો તો તમને સાચા ગિરધારીલાલ જોવા મળે.

પ્રેમાળ, વાત્સલ્યસભર અને સહેજ ભીની રહેતી એમની સ્નેહસભર આંખોને મુંબઈનું જૂઠ કે આડંબર હજી સ્પર્શી શક્યાં નહોતાં. આ શહેરની ચમકદમક ગિરધારીલાલને સહેજ પણ બદલી શકી નહોતી. આજે પણ ખાદીભંડારમાંથી ખરીદેલો સફેદ ખાદીને સ્ટેન્ડ પટ્ટીનો ઝભ્ભો અને દોરાના બટનવાળો લેંઘો ગિરધારીલાલનો પહેરવેશ હતો. આડા ખિસ્સાનું ગંજીફરાક એમનો આજે પણ નાઇટ ડ્રેસ હતો.

મોટીમોટી પાર્ટીઓમાં ગિરધારીલાલ પટેલ આ જ કપડાં પહેરીને જતા. ખિસ્સામાં છુટ્ટા પૈસા અને સાદી ઇન્ડિપેન રાખતા ગિરધારીલાલનો કૉર્પોરેટ વર્લ્ડમાં ભલે સમાવેશ ના હોય, પણ 'બિઝનેસ સ્ટાન્ડર્ડ', 'ઇકોનોમિક ટાઇમ્સ', 'ડીએનએ મની', 'ન્યૂઝ વીક', 'ફાઇનાન્સિયલ એક્સપ્રેસ', 'આઉટલૂક' અને 'ઇન્ડિયા ટુડે' જેવાં છાપાંઓએ ગિરધારીલાલના ઇન્ટરવ્યૂ અવારનવાર છાપ્યા હતા.

આઇઆઇએમના વિદ્યાર્થીઓને ભાષણ આપવા ગિરધારીલાલને દર વર્ષે આમંત્રિત કરાતા અને એમના પટેલ હિન્દી પર હસવાને બદલે આઇઆઇએમના વિદ્યાર્થીઓ વિસ્ફારિત આંખે એમની સક્સેસ સ્ટોરી અને જીવનના ફન્ડા સાંભળીને 'મોટિવેટ' થઈ જતા.

◆

ગિરધારીલાલ બાથરૂમમાંથી નીકળ્યા અને સીધા બાલ્કની તરફ ગયા. એમણે ચાઇનીઝ સિલ્કની ટી-કોઝી ખોલીને ચા કીટલીમાંથી કપમાં રેડી. રેડાતી ચાની વરાળમાંથી કડક-મીઠી ચાની ખુશબૂ એમનાં નસકોરાંમાં પ્રવેશી ગઈ. પછી આડા ખિસ્સાના ગંજીફરાકમાંથી જાડી-કાળી ફ્રેમનાં ચશ્માં કાઢીને એમણે આંખે ચડાવ્યાં અને સૌથી પહેલાં 'ટાઇમ્સ ઑફ ઇન્ડિયા' હાથમાં લીધું.

છાપું હાથમાં લેતાં જ એમના ચહેરાના હાવભાવ બદલાઈ ગયા. છાપું આખું ઉઘાડવાને બદલે એમણે એક પછી એક બધાં છાપાંની હેડલાઇન્સ જોવા માંડી.

એ જેમજેમ હેડલાઇન્સ જોતા ગયા તેમતેમ એમના ચહેરાના ભાવ વધુ ને વધુ કઠોર થતા ગયા. એમના કપાળ પર આડી રેખાઓ વધુ ને વધુ સંકોચાવા માંડી. એ જેમજેમ એક પછી એક છાપું ઉપાડતા ગયા તેમતેમ એમનો ગુસ્સો વધુ ને વધુ ઉપર ચડતો રહ્યો.

સામાન્ય રીતે પહેલા છાપા સાથે ચાનો પહેલો ઘૂંટડો ભરનાર ગિરધારીલાલની ચા આજે બાજુમાં પડીપડી ઠરી રહી હતી, પણ એમનું મગજ એટલું ધગધગતું હતું કે એમને એ ચા યાદ પણ ના રહી.

દરેકેદરેક છાપામાં એક જ સમાચાર જાણે અગત્યના બની રહ્યા હતા. એ સમાચારને દરેક

છાપાએ પોતાની રીતે ચટપટા બનાવીને છાપ્યા હતા, પણ વાત એક જ હતી. એકેએક છાપાની હેડલાઇન આજે કરણ પટેલની એક એવી ખબર લઈને આવી હતી, જે વાંચતાં જ ગિરધારીલાલને લાગ્યું કે આ છોકરાની બુદ્ધિ ભ્રષ્ટ થઈ ગઈ છે!

આજે ગિરધારીલાલને પહેલી વાર લાગ્યું કે એમણે ઑફિસ જવાનું છોડીને કરણના હાથમાં બધો વહીવટ આપીને જાણે ભૂલ કરી નાખી. આ છોકરો ગઈ કાલ સુધી સાવ કહ્યાગરો અને ડાહ્યો દેખાતો હતો એ આમ સાવ જ બુદ્ધિ વગરનું પગલું ભરશે એવી ગિરધારીલાલને સ્વપ્નેય કલ્પના નહોતી. આજનાં છાપાં જોઈને ગિરધારીલાલનું મગજ ફાટફાટ થતું હતું.

એમણે બૂમ પાડી, "કરણ..." મલબાર હિલના એ વૈભવશાળી ફ્લૅટની શાંતિમાં એમનો અવાજ જાણે ફરીફરીને પડઘાઈ રહ્યો.

છેલ્લાં પાંચ વર્ષથી ગિરધારીલાલે ઑફિસ જવાનું છોડી દીધું હતું. એ હવે ગાયત્રી ચૅરિટેબલ ટ્રસ્ટની ઑફિસે બેસતા. જીજીસી હવે સંપૂર્ણપણે કરણના હવાલે હતી એમ કહીએ તો ચાલે. ક્યારેક કંઈ પૂછવું હોય કે સલાહ લેવી હોય તો કરણ ગિરધારીલાલ પાસે આવતો. બાકી હવે કરણ જીજીસીનો પૂરેપૂરો કર્તાહર્તા હતો. છેલ્લાં પાંચ વર્ષમાં કરણનો એક પણ નિર્ણય એવો નહોતો, જે વિશે ગિરધારીલાલે એને અક્ષર પણ કહેવો પડે. એ છોકરાએ છેલ્લાં દસ વર્ષમાં ગાયત્રી ગ્રૂપ ઑફ કંપનીઝને સોમા નંબરથી દસમા નંબરે પહોંચાડી હતી એમ કહી શકાય.

એના દરેક નિર્ણય કંપનીના હિતમાં અને કંપનીના ફાયદા માટે જ રહેતા. પહેલા પાંચ વર્ષ સુધી ગિરધારીલાલ ઑફિસે બેસતા અને એમણે કરણ ઉપર નજર રાખી એ જોવાનો પ્રયત્ન કર્યો કે આ છોકરો સંપૂર્ણપણે પોતાની જવાબદારીથી કંપની ચલાવી શકે એમ છે કે નહીં? ગિરધારીલાલને પૂરેપૂરો વિશ્વાસ બેઠો એ પછી એમણે ક્યારેય કરણને એક સવાલ પણ નહોતો પૂછ્યો અને કરણે પણ પોતાને સોંપાયેલી જવાબદારી એવી રીતે અદા કરી હતી કે જોનારા મોઢામાં આંગળાં નાખી ગયા હતા.

કંપનીના મૅનેજિંગ ડિરેક્ટર બન્યા પછી કરણે જીજીસીનો વિકાસ એટલો તો સડસડાટ કર્યો હતો કે ભલભલાને એ વિકાસની નોંધ લેવી પડી હતી. બુદ્ધિશક્તિ, કુનેહ, ઈમાનદારી અને મહેનત કરણના લોહીમાં હતાં જાણે...

આટલાં વર્ષો પછી આજે પહેલી વાર ગિરધારીલાલનું મગજ એટલું જ ફટક્યું હતું કે ત્રીસી વટાવી ગયેલા એ છોકરાને એક તમાચો ચોડી દેવાની ઇચ્છા થઈ ગઈ હતી એમને...

એમણે ચાનો કપ ઉપાડ્યો, ચા ઠરી ગઈ હતી.

એમણે ગળું ફાટી જાય એવા અવાજે જોરથી બૂમ પાડી, "ક...ર..ણ..."

પોતાના રૂમમાં એક્સર્સાઇઝ કરી રહેલો કરણ ચોંક્યો.

આમ તો સવારના ભાગમાં ગિરધારીલાલ કોઈને બોલાવતા નહીં ને એમને કોઈ પણ બોલાવે એ એમને પસંદ નહોતું. એમના છાપાં વાંચવાના સમયે દુનિયાની દરેક બાબત જાણે થંભી જતી. આજે આ સમયે અને આ અવાજે પડેલી બૂમ કરણ માટે બહુ નહીં, પણ થોડું આશ્ચર્ય લઈને આવી હતી, એ નક્કી.

છેલ્લા બે દાયકામાં એણે ગિરધારીલાલનો અવાજ આટલો ઊંચો થયેલો ક્યારેય નહોતો સાંભળ્યો. એ ગિરધારીલાલને આમ તો બે દાયકાથી જ ઓળખતો હતો. કરણ ગિરધારીલાલ પટેલ તરીકે ઓળખાતો, પણ એ ગિરધારીલાલ પટેલનું લોહી નહોતું, સાઠ વર્ષના ગિરધારીલાલ પટેલ તો અપરિણીત હતા. એમને પોતાનું સંતાન કે પરિવાર કશુંયે નહોતું.

ચૌદ વર્ષની ઉંમરે ધર્મજથી ભાગી આવેલા ગિરધારીએ આખી જિંદગીમાં સ્ત્રીનો વિચાર સુધ્ધાં કર્યો નહીં. સાવકી માના ત્રાસથી એ એટલા તો હેબતાયેલા હતા કે સ્ત્રી નામનું પ્રાણી એમણે ક્યારેય આકર્ષી શક્યું જ નહીં. લગ્ન એમની જિંદગીના શબ્દકોશમાં એક એવો શબ્દ રહ્યો, જેનો અર્થ ન એ સમજ્યા, ન એમણે સમજવાનો પ્રયત્ન કર્યો.

આમ તો મોહ-માયા-સંબંધોના બંધનથી પર થઈને જીવી રહેલા ગિરધારીલાલને નવ વર્ષના કરણને જોઈને કોણ જાણે શું થઈ ગયું તે એને ઘરે લઈ આવ્યા ને કાયદેસર દત્તક લઈ લીધો. કરણ એમનો દીકરો નહોતો પણ એમને માટે શ્વાસ-પ્રાણથીયે અધિક હતો કરણ.

ભારતીય વિદ્યાભવનને અડીને અંદરની તરફ જતી એક ગલીના નાકે બેસતા ચાવાળાની પાસે એમણે કરણને પહેલી વાર જોયો હતો. ગોરો, દેખાવડો, કથ્થઈ આંખો અને બંને ગાલમાં ખાડા ધરાવતો કરણ કોઈને પણ વહાલો લાગે એવો હતો.

રિમાન્ડ હોમમાંથી અઠવાડિયા પહેલાં જ ભાગી છૂટેલો કરણ ચાવાળાને ત્યાં ફેરા ખાતો હતો. ગિરધારીલાલ અને એમના એક મિત્ર ભારતીય વિદ્યાભવનમાંથી નાટક જોઈને નીકળ્યા ત્યારે ચા પીતાં-પીતાં એમણે કરણનું નામ પૂછેલું.

"કરણ..." પેલા નવ વર્ષના મીઠડા છોકરાએ જવાબ આપેલો અને મોતીની કળી જેવા બત્રીસ દાંત ચમકાવેલા. રાત્રે અગિયાર વાગ્યે એ છોકરાની કામ કરવાની સ્ફૂર્તિ અને ધગશ જોઈને ગિરધારીલાલને એમાં રસ પડેલો.

એમણે એ વખતે તો બહુ ચર્ચા નહોતી કરી, પણ થોડા દિવસ રહીને એ ફરી ભારતીય વિદ્યાભવન ગયેલા અને કરણને એનો ઇતિહાસ પૂછેલો.

રિમાન્ડ હોમમાં ક્યાંથી આવ્યો એની કરણને ખબર નહોતી. એનું નામ રિમાન્ડ હોમવાળાએ પાડેલું. એને યાદ છે ત્યાંથી એનું બાળપણ રિમાન્ડ હોમની ચાર દીવાલો વચ્ચે જ શરૂ થયેલું.

એક દિવસ રિમાન્ડ હોમમાં એક મોટી ઉંમરના છોકરાએ કરણને ખૂણામાં બોલાવ્યો, કેડબરીઝની આખી ચૉકલેટ જોઈને કરણ એની પાસે ગયો, પોતાની સાથે લઈ જઈને કરણ સાથે એણે અમુક પ્રકારની શારીરિક છેડછાડ શરૂ કરી. નવ વર્ષનો કરણ એની ઉંમરના પ્રમાણમાં ઘણું સમજતો. એણે છોકરાથી છૂટવાનો પ્રયત્ન કર્યો, ઘણાં તરફડિયાં માર્યાં, એને માર્યો, પણ જ્યારે કશું ના થઈ શક્યું ત્યારે પાસે પડેલી મોટી ઈંટ લઈને છોકરાના માથામાં મારીને કરણ રિમાન્ડ હોમના પાછલા દરવાજેથી, મારો "બૉલ જતો રહ્યો છે, તે લેવા જવું છે" કહીને જે ભાગ્યો તે પાછો વળ્યો જ નહીં.

રખડતો-રખડતો મરીન લાઇન્સ સ્ટેશન ઉપર સૂતો હતો ત્યારે આ ચાવાળો એને જોઈને પોતાની સાથે લઈ આવ્યો. સવારે આઠથી રાત્રે બાર કામ કરતો. બપોરે ચાવાળાના ટિફિનમાંથી એને ત્રણ રોટલી અને કયારેક શાક તો કયારેક અથાણું મળતું. દિવસમાં બે વાર ચા અને પાંઉ...

ચાવાળાએ ચોરબજારમાંથી ચાર જોડી કપડાં લાવી આપ્યાં હતાં. સૂવાની એક ગોદડી... બસ, આ જ કરણનો વૈભવ હતો!

આખી વાર્તા સાંભળીને ગિરધારીલાલને કોણ જાણે કેમ પણ કરણ માટે પ્રેમ થઈ ગયો. કરણના ચહેરા ઉપરથી એ કોઈ સારા ઘરનું સંતાન હતો એવું સ્પષ્ટ જણાઈ આવતું હતું. એનું રૂપ, એનું શરીર, એની આંખો અને એની બોલચાલ એના લોહીમાં પડેલા કોઈ સુખી ઘરની મજબૂરીને ઉજાગર કરતું હતું...

ગિરધારીલાલે કરણને ચાવાળા પાસેથી 'માગી લીધો'.

એ દિવસથી કાયદેસર કાગળિયાં કરીને ગિરધારીલાલે કરણને રિમાન્ડ હોમ પાસેથી દત્તક લીધો અને એનું નામ પડ્યું, કરણ ગિરધારીલાલ પટેલ.

ત્યારે ગિરધારીલાલ દાદરના એક ફ્લૅટમાં રહેતા. એક રૂમ-રસોડું અને નાનકડી બાલ્કની ધરાવતો આ ફ્લૅટ જોઈને કરણને કોણ જાણે કેમ, પણ રડવું આવી ગયું હતું. અને છાતીએ લગાડીને ગિરધારીલાલે કહ્યું હતું, "બેટા, હું આજથી તારો બાપ ને તું મારો દીકરો. મારું તારા સિવાય ને તારું મારા સિવાય આ દુનિયામાં કોઈ નથી." આટલું કહેતાં-કહેતાં એમના પથ્થર જેવા ચહેરા પર એક માની મમતા ઊભરાઈ હતી. એક ક્ષણ માટે ગિરધારીલાલની આંખો સામે સાવકી મા, સોટી લઈને પોતાની પાછળ દોડતો બાપ અને શાળામાં ચામડી ઊતરડી લેતો માસ્તર તરવરી ઊઠ્યાં હતાં.

"મારા દીકરા, આજથી તારું નામ કરણ ગિરધારીલાલ પટેલ છે. દુનિયાની સામે તું ગર્વથી આ નામ લઈ શકે એવી રીતે ઉછેરીશ હું તને!"

અને જિંદગીના બબ્બે દાયકા સુધી ગિરધારીલાલે એ વચનને શબ્દશઃ પાળી બતાવ્યું હતું.

આજે બરાબર બે દાયકા પછી આજે એ નામ છાપાંઓની હેડલાઇન્સમાં ચમકયું હતું અને જે કારણે ચમકયું હતું એ વાંચીને ગિરધારીલાલે ગળું ફાટી જાય એવા અવાજે બૂમ પાડી હતી, "ક...ર...ણ..."

કરણ એક જ બૂમે પરસેવો લૂછતો દોડીને ગિરધારીલાલ પાસે બાલ્કનીમાં આવીને ઊભો રહ્યો હતો. જોકે એને પોણા સાત વાગ્યાથી આ બૂમનો ઇંતેજાર હતો. એ જાણતો હતો કે ગિરધારીલાલ જેવા બાલ્કનીમાં બેસીને પહેલું છાપું ઉપાડશે એવી એના નામની બૂમ પડવાની છે!

પણ આ બૂમ આટલા જોરથી પડશે એવી એને કલ્પના નહોતી.

"જી બાપુ..." કરણ અદબ વાળીને ગિરધારીલાલની સામે ઊભો રહ્યો.

ગિરધારીલાલે નજર ઉઠાવીને કરણ સામે જોયું. ભલભલી છોકરીઓનાં હૃદય ધડકતાં અટકી જાય એવો **દેવના ચક્કર** જેવો આ છોકરો આજે આવી રીતે કેમ વર્ત્યો? ગિરધારીલાલને વિચાર આવ્યો.

"છાપાં જોયાં?"

"જી બાપુ."

"તમારાં વખાણ લખ્યાં છે."

"જી બાપુ." કરણના ચહેરા પર સ્મિત હતું. બંને ગાલમાં ખાડા પડતા હતા. કથ્થઈ આંખોમાં શરારત અને ચહેરા પર તોફાન હતું.

"હું પૂછી શકું કે આ બેવકૂફી તમે કેમ કરી?" ગિરધારીલાલ જ્યારે ગુસ્સે થતા ત્યારે કરણને બહુવચનમાં સંબોધતા.

"બાપુ, તમે તો જાણો છો..." કરણના ચહેરા પર સહેજ શરમાળ સ્મિત આવ્યું.

એ આગળ બોલે એ પહેલાં જ ગિરધારીલાલે ફરી ઊંચા અવાજે બૂમ પાડી, "હું બધું જાણું છું, તારું એ છોકરી માટેનું ગાંડપણ, તારો કહેવાતો પ્રેમ, અને તારી બેવકૂફી... પણ એનું આમ જાહેરમાં પ્રદર્શન કરીશ એની મને કલ્પના નહોતી." પછી એમણે હાથમાં પકડેલું છાપું છુટ્ટું ફેંક્યું, "સવાસો કરોડ રૂપિયા કોને કહેવાય ખબર છે કરણ? જમીનનો એ ટુકડો સોનાની લગડી છે."

"જાણું છું." કરણના ચહેરા પર હજીયે એ સ્મિત કાયમ હતું અને ગાલ પરના ખાડા એને વધુ વહાલસોયો બનાવતા હતા.

"રાખ ને ધૂળ જાણે છે તું? ડોબા..." ગિરધારીલાલ ગુસ્સામાં ઊભા થઈ ગયા. પછી કરણની સામે આવીને ઊભા રહ્યા, "તને સહેજ પણ અક્કલ નથી?"

કરણ હજીયે ચહેરા પર એ જ સ્મિત લઈને ગિરધારીલાલની સામે જોઈ રહ્યો હતો, "દીકરા મારા, આ છોકરી તને ઘાસ નથી નાખતી અને તેં સવાસો કરોડ રૂપિયાનો સોનાની લગડી જેવો પ્લૉટ એને ભેટ આપી દીધો?"

"બાપુ, એ પ્લૉટ એને જોઈતો હતો."

"એ તો રાણીનો હજીરો માગે, આપી દઈશ?"

"બાપુ, એ પહેલી વાર ઑક્શનમાં આવી હતી, એની પહેલી ડીલ હતી અને એને કોઈ પણ કિંમતે એ પ્લૉટ જોઈતો હતો..."

"કોઈ પણ કિંમતે." ગિરધારીલાલે ચશ્માં ઉતાર્યાં, આંખો ઝીણી કરીને કરણની સામે જોયું, "તો?"

"મેં કિંમત માગી બાપુ."

"મૂર્ખા! સવાસો કરોડ રૂપિયાની સામે શું કિંમત માગી તેં?"

"એક ડિનર..." ગિરધારીલાલ આ છોકરાની સામે જોઈ રહ્યા. એમને એમના કાન પર વિશ્વાસ નહોતો. એમની આંખો પહોળી થઈ ગઈ અને હાથ કરણના ગાલ પર વીંઝાવા માટે ઊંચો થઈ ગયો.

■

"અને તું એમ માને છે કે એ લોકો આપશે? તારામાં બુદ્ધિ નથી."

"બાપુ, કરણ આજ સુધી ખોટો નથી પડ્યો."

"કરણ આજ સુધી ખોટો નથી પડ્યો એ સાચું, પણ આજે આ છોકરી ચૂનો ચોપડી ગઈ તને."

"બાપુ, મને લાગે છે, તમે ચુકાદો આપવામાં ઉતાવળ કરો છો. આપણે ચોવીસ કલાક રાહ જોઈએ. કાલે સવાર સુધીમાં જો ફેંસલો નહીં આવે તો તમારું જૂતું ને મારું માથું." કરણે ગિરધારીલાલને એમની જ સ્ટાઇલમાં મનાવ્યા. જોકે ગિરધારીલાલના ગળે કરણની વાત બહુ ઊતરી નહીં, પરંતુ અત્યારે એમણે ચૂપ રહેવામાં ડહાપણ માન્યું અને નક્કી કર્યું કે કરણને ચોવીસ કલાકનો સમય આપી દેવો.

ગિરધારીલાલ ફરી પોતાની ખુરશીમાં ગોઠવાઈ ગયા અને એમણે ફરી પાછું 'ટાઇમ્સ ઑફ ઇન્ડિયા' હાથમાં લીધું. એમણે ગુસ્સામાં દૂર ફેંકેલું 'લોકસત્તા' કરણ જઈને લઈ આવ્યો અને એમના ટેબલ ઉપર પહેલાંની જેમ જ છાપાંઓની થપ્પી સરખી કરીને મૂકી. પછી ધીમેથી પૂછ્યું, "ચા ગરમ કરાવી આપું?"

"એવો છે ને તું..." ગિરધારીલાલને વહાલ આવી ગયું, "શું જોઈ ગયો છે એ છોકરીમાં કોને ખબર..."

"ખરેખર મને પણ નથી ખબર બાપુ." કરણે ખભા ઊંચકીને ભવાં ઉલાળ્યાં.

"એકથી એક ચડિયાતી કન્યાઓનાં માગાં લાવ્યો તારા માટે, પણ તને તો એ તોછડી, માથાની ફરેલ છોકરી સિવાય કોઈ મનમાં વસતું જ નથી." ગિરધારીલાલે નિઃશ્વાસ નાખ્યો, "મને તો લાગે છે કે હું તારી વહુ જોયા વિના જ મરી જવાનો છું."

"અનાહિતા હા પાડે એટલી વાર, હું તાત્કાલિક લગન કરવા તૈયાર છું." કરણના ગાલમાં ખાડા પડ્યા. એણે કપાળ પર ઊતરી આવેલા એના સુંવાળા વાળ સહેજ ખસેડ્યા અને ગિરધારીલાલના પગ ઉપર પોતાના હાથ મૂકીને બેસી ગયો.

ગિરધારીલાલે એનું નાક પકડીને એનું માથું હલાવ્યું, "ડોબા! આના કરતાં તો તને અહીં મુંબઈમાં રાખીને ભણાવ્યો હોત તો સારું થાત. મ્યુનિસિપાલિટીની કોઈ છોકરીના પ્રેમમાં પડ્યો હોત તો આજે બે છોકરા મને 'દાદા-દાદા' કહેતાં દોડાદોડી કરતા હોત આ ઘરમાં. મારી બુદ્ધિ ભ્રષ્ટ થઈ ગઈ કે તને ત્યાં મસૂરીમાં આ ધનરાજની છોકરી જોડે ભણવા મોકલ્યો..."

"બાપુ, તમે તો માનો છો ને કે જે થવાનું હોય તે થઈને જ રહે! ધનરાજની છોકરી મસૂરીમાં ના મળી હોત તો મલેશિયામાં મળી હોત... ને છેવટે મુંબઈમાં તો મળી જ હોત!"

"મને એ નથી સમજાતું કે એ તને ઘાસ નથી નાખતી અને તું..."

કરણે ગિરધારીલાલના હોઠ પર આંગળી મૂકી દીધી, "શ...શ...શ...એ છોકરી ઘૂંટણિયે પડતી આવશે બાપુ. તમે જોયા કરજો."

"હું તો જોયા જ કરું છું." ગિરધારીલાલે કરણના કપાળ પર હળવી થપાટ મારી, "મૂર્ખા, તારું નસીબ તું જ ફોડવા બેઠો છે. ધનરાજની છોકરી પાછળ જુવાની બરબાદ કરે છે તારી. સારી-સમજદાર છોકરી જોઈને પરણી જા…"

"સારી… બાપુ, મારે માટે સારી છોકરી એક જ છે." કરણે ફરી એક વાર શરમાળ સ્મિત કર્યું, "અનાહિતા, અને એને સમજદાર હું બનાવી લઈશ."

"ઓહ મારા લાલ, એ તારી સાથે ક્યારેય નહીં પરણે." ગિરધારીલાલે ફરી એક વાર ઊંડો શ્વાસ લીધો, "બેટા, મારી પાસે તો કોઈ કુટુંબ નથી. તને એટલા માટે દત્તક લીધો છે કે મારી પાછળ ગિરધારીલાલ પટેલનો વંશ ચાલે. તું આમ ને આમ કરીશ તો મારો મોક્ષ નહીં થાય મારા દીકરા…" ગિરધારીલાલનો ચહેરો તરલ થઈ આવ્યો. એ ભાગ્યે જ આટલા લાગણીવશ થતા. ભલભલાને સંભળાવી દેવું કે ચોપડાવી દેવું એમના પટેલ લોહીનો ભાગ હતું, પણ કોણ જાણે કેમ, કરણ સાથે એ કડક ન થઈ શકતા. કયારેક ઊંચા અવાજે બોલાઈ જાય કે અજુગતું કહેવાઈ જાય તો કલાકો સુધી અફસોસ થતો એમને. એટલી હદ સુધી કે કયારેક કરણની માફી પણ માગી લેતા એ.

કરણને દત્તક લીધા પછી ગિરધારીલાલ પટેલે એને ઉત્તમ શિક્ષણ અને ઉછેર મળી રહે એટલા માટે મસૂરીની બોર્ડિંગ સ્કૂલમાં ભણવા મૂક્યો. વર્ષોવર્ષ વૅકેશનમાં ઘેર આવતો કરણ જે રીતે બદલાતો અને સડસડાટ અંગ્રેજી બોલતો, જે રીતે એટિકેટ અને મૅનર્સ શીખતો હતો એ જોઈને ગિરધારીલાલની છાતી છપ્પન ઇંચની થઈ જતી.

ઘરમાં સ્ત્રી તો હતી નહીં, એમને કામ અંગે ઘણું બહાર રહેવાનું થતું. છોકરાને નોકર-ચાકરના ભરોસે ઉછેરવો એના કરતાં બોર્ડિંગ સ્કૂલમાં રહીને બે વસ્તુ સારી જ શીખે છે એ જોઈને ગિરધારીલાલને ઘણો સંતોષ થતો.

'શેરવૂડ' સ્કૂલમાંથી એમણે કરણને ઇંગ્લૅન્ડ ભણવા મોકલ્યો. ઇંગ્લૅન્ડની કૉલેજમાંથી ગ્રૅજ્યુએટ થઈને બિઝનેસ ઍડ્મિનિસ્ટ્રેશનનો પોસ્ટ ગ્રૅજ્યુએટ કોર્સ કરીને કરણ જ્યારે મુંબઈ પાછો આવ્યો ત્યારે એ નખશિખ બદલાઈ ચૂક્યો હતો!

ગિરધારીલાલને ક્યારેય પોતે જે હતા એની શરમ નહોતી આવી. એમણે પોતાની જાતને હંમેશાં એક ખેડૂતના દીકરા અથવા ખેડૂત તરીકે ઓળખાવી હતી. પરંતુ એમને હંમેશાં એવું લાગતું કે મોટીમોટી પાર્ટીઓમાં એ અંગ્રેજીમાં બોલી શકતા હોત તો આ કહેવાતા બિઝનેસ વર્લ્ડમાં એમનો થોડોઘણો પણ સમાવેશ થઈ શક્યો હોત, કદાચ!

ફૉરેન કે અંગ્રેજી મૅગેઝિન્સના ઇન્ટરવ્યૂ હોય કે આઇઆઇએમનું લેક્ચર, ગુજરાતી સિવાયની એક જ ભાષા ગિરધારીલાલ બોલી જાણતા હતા અને એ હતી એમની પટેલ છાપ હિન્દી…

ઇંગ્લૅન્ડથી આવેલા કરણને અંગ્રેજીમાં બોલતો, બિઝનેસના ફન્ડા જાણતો અને મોટીમોટી વાતો કરતો સાંભળ્યો ત્યારે એમને લાગ્યું કે એમનો ઉછેર સફળ થયો હતો.

શેરવૂડમાં હિન્દુસ્તાનના મોટામોટા કૉર્પોરેટ ટાયકૂન્સનાં બાળકો ભણતાં. અહીં ઍડ્મિશન લેવા માટે ગિરધારીલાલે છેક મહારાષ્ટ્રના ચીફ મિનિસ્ટરની ઓળખાણ લગાડી હતી.

અને જ્યારે કરણ શેરવૂડમાંથી ભણીને ઇંગ્લૅન્ડ જવા માટે એન્ટ્રન્સની પરીક્ષાઓ આપતો હતો

ત્યારે એમને લાગ્યું હતું કે કે ચીફ મિનિસ્ટરનો એ એમના પરનો ઉપકાર સાવ એળે નહોતો ગયો.

જોકે કયારેક-કયારેક ગિરધારીલાલને લાગતું કે આ અંગ્રેજી ભણતર અને પરદેશના નિવાસે કરણને કારણ વગર 'સુંવાળો' બનાવી દીધો હતો! પેજ-થ્રી પાર્ટીસ અને મૅગેઝિન્સના કવર પર અવારનવાર ચમકતા રહેતા કરણને એ કયારેક ટોકતાય ખરા, "આ બધું નકામું છે, કામ કરવું અને દેશની પ્રગતિમાં યોગદાન આપવું એ જ સાચા ઉદ્યોગપતિ હોવાની નિશાની. જમશેદજી ટાટા અને બિરલા આવી પેજ-થ્રીની પાર્ટીઓમાં નહોતા જતા તો... એ ઉદ્યોગપતિ નહોતા? આ દેશનો પાયો નાખ્યો છે એમણે."

"હવે ઇમારત હું ચણીશ." કરણ હસતો, "ડેડ!"

"ભૈસાબ, આ ડેડ તો કહીશ નહીં. તારે તો મને બાપુ જ કહેવો. કેવું મીઠું લાગે છે!" ગિરધારીલાલ કરણને લાડ કરતા અને એના માટે આવેલાં જાતજાતનાં માગાં એની સામે મૂકી જોતા. ધર્મજ અને છ ગામ પટેલોનાં ખાતા-પીતા અને પામતાં-પહોંચતાં ઘરોથી શરૂ કરીને મુંબઈ અને ભારતના બીજા ઉદ્યોગપતિઓની દીકરીઓ માટે કરણનું માગું નખાઈ ચૂકયું હતું, પરંતુ એક કરણ હતો કે છોકરી જોવા સુધ્ધાં તૈયાર નહોતો થતો.

પચીસીમાં હતો ત્યારે ગિરધારીલાલને લાગ્યું કે એનું ધ્યાન કામ પર છે. બિઝનેસ વધારવો એ જ હમણાં એનું ધ્યેય છે અને કદાચ એટલે જ છોકરીઓ જોવાની ના પાડે છે. પરંતુ ધીરેધીરે સમય જવા લાગ્યો અને ત્રીસીમાં પહોંચેલા કરણને જ્યારે ગિરધારીલાલે લગભગ દબાણ કરવા માંડ્યું ત્યારે એક દિવસ કરણે નીચી નજરે ફોડ પાડ્યો હતો, "હું અનાહિતાને ચાહું છું બાપુ."

"અ... ના... હિ... તા...?" આખું નામ પૂરું કરતા ગિરધારીલાલને શ્વાસ ચડી ગયો હતો.

ભારતના સૌથી મોટા બિઝનેસ ગ્રૂપ, અબજોપતિ અમરનાથ ધનરાજની એકની એક દીકરી હતી અનાહિતા. એના બે ભાઈઓ સૂરજ અને શિખર ધનરાજની જાગીરના બે મહત્ત્વના પાયા હતા. સૂરજ વિદેશોની કંપનીઓ સંભાળતો, જ્યારે શિખર એમનો ભારતનો બિઝનેસ જોતો.

રિયલ એસ્ટેટ, ડેવલપર્સ, બિલ્ડર્સ, વ્હાઇટ ગુડ્ઝ, ક્લોધિંગ, ડાયમંડ્સ અને હોટેલ્સના બિઝનેસમાં એમનું નામ હતું. સ્ટીલ અને શુગરમાં ધનરાજ બાદશાહ ગણાતો...

કેટલા લાખ કરોડમાં એમની પ્રૉપર્ટીઝ હતી એ એમને પોતાને પણ કદાચ ખબર નહોતી એમ કહીએ તો ચાલે.

અમરનાથ ધનરાજ માથાનો ફરેલ માણસ ગણાતો, ચીફ મિનિસ્ટરના પી.એ. પર હાથ ઉપાડવા બદલ એના પર કેસ થઈ ચૂક્યો હતો. ભારતના સૌથી વધુ ટૅક્સ ભરતા લોકોમાં અમરનાથનું નામ ગણાતું.

અમરનાથના પિતા દ્વારકાનાથ ધનરાજ ભારતના પાયોનિયર ઉદ્યોગપતિઓમાંના એક હતા. ગુજરાતમાં કાપડની મિલો નાખીને શરૂઆત કરનાર દ્વારકાનાથે બીજા વિશ્વયુદ્ધ દરમિયાન ખાંડ અને સ્ટીલના ઉદ્યોગમાં લગભગ મૉનોપૉલી મેળવી લીધી હતી. દ્વારકાનાથ નહેરુજીની કૅબિનેટના એક મિનિસ્ટર પણ બન્યા.

અમરનાથ ધનરાજ રિયલ એસ્ટેટ અને બિલ્ડિંગના ક્ષેત્રે આગળ વધ્યા, પિતાના નામની સ્કૂલો

અને કૉલેજ બંધાવી. ડી. એન. ધનરાજના નામે ભારતભરમાં કેટલાંય ઇન્સ્ટિટ્યૂટ અને સ્કૂલો ચાલતાં. ચૅરિટેબલ ટ્રસ્ટ, વિધવા આશ્રમો અને અનાથાલયો ડી. એન. ધનરાજના નામે દેશભરમાં ફેલાયેલાં હતાં.

પેઢી-દર-પેઢી ચાલી આવતી આ સખાવતો અને વ્યાપારી જગતની હારજીતની રમત અમરનાથ માતાના પેટમાં જ શીખીને આવ્યા હતા એમ કહી શકાય. અઢાર વર્ષના થતાંથતાંમાં તો અમરનાથ ઑફિસે બેસવા લાગ્યા અને પોતાની સૂઝબૂઝ અને કુનેહથી ધનરાજ ગ્રૂપનો વિકાસ કર્યો.

જિંદગીના છ દાયકા વટાવી ચૂકયા પછી આજે પણ અમરનાથ દિવસના સોળ કલાક કામ કરવાની શક્તિ ધરાવતા.

અનાહિતા એમને માટે એમના શ્વાસ અને પ્રાણ જેવી હતી. અનાહિતા અને એના ભાઈઓ વચ્ચે ઉંમરનો ખાસ્સો તફાવત હતો, દીકરાઓને ઉછેરતી વખતે પૂરતો સમય નહીં આપી શકાયાની એક લાગણી અમરનાથને કયારેક પીડા આપી જતી અને એટલે જ એમણે અનાહિતાને વધુ પડતું ધ્યાન આપીને થોડીક બગાડી મૂકી હતી... એમ બીજા માનતા, અમરનાથ નહીં!

એને શાળામાં વિદેશ નહીં ભણવા દેવા માટે પણ અમરનાથની એના માટેની ગાંડી લાગણી જ જવાબદાર હતી.

અનાહિતા અગિયાર મહિનાની હતી ત્યારે એક પ્રાઇવેટ પ્લેન ક્રેશમાં અનાહિતાની મા દિવ્યા મૃત્યુ પામી હતી. અમરનાથે ફરી લગ્ન કર્યાં નહોતાં અને અનાહિતાનો ઉછેર લગભગ જાતે કર્યો હતો એમ કહીએ તો ખોટું નહોતું.

અનાહિતા પણ બાપની જેમ માથાની ફરેલ છોકરી ગણાતી. અમરનાથનો ગુસ્સો, તોછડાઈ કે આખાબોલાપણું અનાહિતાને વારસામાં મળ્યાં હતાં. અમરનાથની બુદ્ધિ અને એની કુનેહ પણ અનાહિતાએ એના લોહીમાં મેળવી હતી.

ભણવામાં હંમેશાં અવ્વલ નંબર રહેતી અનાહિતા ન્યૂ યૉર્કની ગ્રીન વીચ યુનિવર્સિટીમાંથી ગ્રેજ્યુએશન કરીને આવી હતી.

એ અનાહિતા ધનરાજને સવાસો કરોડ રૂપિયાનો પ્લૉટ ભેટરૂપે આપીને કરણ પટેલ આજનાં છાપાંઓમાં હેડલાઇન બનીને ચમક્યો હતો.

અને બાપ-દીકરા વચ્ચે આજે સવાર-સવારમાં એ વાતે ચકમક ઝરી ગઈ હતી.

“ચા ગરમ કરવાનું કહું?” કરણે ફરી પૂછ્યું. એના સ્મિતથી ગાલમાં ઊંડા ખાડા પડતા હતા.

હવે ગિરધારીલાલ પણ હસી પડ્યા. એમણે પ્રેમ કર્યો નહોતો કે કોઈ સ્ત્રી એમના એટલી નજીક આવી જ નહોતી. એટલે એમને કરણ સમજાતો નહોતો. બાકી, હિન્દુસ્તાનની ચૌદથી ચોવીસની કંઈ કેટલીયે છોકરીઓ જેના નામે ઊંડી આહ ભરતી હતી એ કરણ આ એક છોકરી પાછળ જુવાની બરબાદ કરે એ ગિરધારીલાલના ગળે નહોતું ઊતરતું.

હજી ગઈ કાલ સવારની જ વાત છે આ. જૂહુ વિલે પાર્લે ડેવલપમેન્ટ સ્કીમમાં એક બંગલો અને એની સાથેની જમીનનું લિલામ થવાનું હતું.

મુંબઈના જ શું કામ, દિલ્લી, કલકત્તા અને બેંગ્લોર જેવા શહેરના બિલ્ડર્સને પણ આ પ્લૉટમાં

રસ હતો. બરાબર ખૂણાનો–સીધો જૂહુના મેઇન રોડને અડતો આ પ્લૉટ મૉલ માટે શ્રેષ્ઠ પ્લૉટ હતો. મુંબઈ શહેરમાં આટલી બધી ખુલ્લી જમીન... અને એ પણ આવા વિસ્તારમાં, એટલે સોનાની લગડી જ ગણાતી. રાહેજા, હીરાનંદનીથી શરૂ કરીને ગુજરાતના અને દિલ્લીના મોટા-મોટા ડેવલપર્સ વહેલી સવારથી ત્યાં હાજર થઈ ગયા હતા.

સૌ જાણતા હતા કે ધનરાજ પણ આ પ્લૉટમાં રસ લેશે અને બોલી લગાવશે અને ધનરાજને જાણતા-ઓળખતા લોકોને ખબર હતી કે ધનરાજ એક વાર જે જમીનમાં રસ લે એ જમીન એની થયે જ છૂટકો. આ ધનરાજની જીદ હતી અને એની કંપનીનો ઇતિહાસ પણ!

કરણ પણ ત્યાં હતો. છેલ્લા થોડા વખતથી જીજીસી હોટેલ્સના બિઝનેસમાં સક્રિય થઈ હતી. એક રાજસ્થાનમાં ડુંગરપુર પાસે અને એક બેંગ્લોર નજીકના રિઝૉર્ટથી એમણે પણ હોટેલ ઇન્ડસ્ટ્રીમાં ધીમેધીમે દાખલ થવા માંડ્યું હતું. જોકે ધનરાજ સાથે એમની કોઈ બરોબરી નહોતી, પરંતુ આ પ્લૉટ મળે તો હોટેલ ઇન્ડસ્ટ્રીમાં ધમાકેદાર એન્ટ્રી કરી શકાય એવું કરણ સ્પષ્ટ જોઈ શકતો હતો.

બ્લૂ કલરના ડેનિમ અને વ્હાઇટ કલરના રાઉન્ડ નેક ટી-શર્ટમાં કરણ ખરેખર હૅન્ડસમ દેખાતો હતો. એના તાજા ધોયેલા વાળ સવારના કૂણા તડકામાં ચમકતા હતા. આંખ ઉપર 'પોલિસ'નાં બ્રાન્ડૅડ ચશ્માં અને હાથમાં રાડોની રિસ્ટવૉચ કરણને ગિરધારીલાલથી સાવ જુદો પાડી દેતી હતી.

ઓમપ્રકાશ દેસાઈ આવા દરેક પ્રસંગે કરણની સાથે રહેતા. ગિરધારીલાલ પણ એમ માનતા કે કરણ જો કોઈ એક માણસને 'ગાંઠે' તો એ ઓમપ્રકાશ દેસાઈને.

હવે ગિરધારીલાલ આવા લિલામ કે બિઝનેસ મિટિંગ્સમાં બિલકુલ જ નહોતા આવતા, એમણે આ બધું કરણને સોંપી દીધું હતું અને કરણ પર સંપૂર્ણ વિશ્વાસ મૂકીને એમણે ટ્રસ્ટની પ્રવૃત્તિઓ સંભાળી લીધી હતી.

કરણને ત્યાં જોનારા દરેકને કરણનો સહેજ ભય લાગ્યો, કારણ કે છેલ્લાં પાંચ વર્ષમાં કરણે ગાયત્રી ગ્રૂપ ઑફ કંપનીઝનો જે વિકાસ કર્યો હતો એ કોઈને પણ ભય ઊપજાવે એવો હતો. કરણનો આત્મવિશ્વાસ અને એની બૉડી લૅંગ્વેજ જ સામેના માણસને ઝાંખો પાડી દેતી. એની વાત કરવાની સ્ટાઇલ, એનો દેખાવ અને એની આંખોમાં દેખાતી બુદ્ધિમત્તાની ચમક, એની ધારદાર દલીલો સામેનાની વાતને જાણે બુઠ્ઠી કરી નાખતી.

ત્યાં હાજર બધા જ બિલ્ડર્સ-ડેવલપર્સ કરણને જોઈને જરા વધુ સાવધ થયા હતા. લિલામનો સમય નવ વાગ્યાનો હતો. અત્યારે નવમાં પાંચ થઈ હતી. હજુ સુધી ધનરાજનો કોઈ માણસ દેખાતો નહોતો એટલે બધાને પ્રમાણમાં 'હાશ' થઈ.

જો ધનરાજ આ ડીલમાંથી હાથ ખેંચી લે તો કરણ જેવા નાના-સૂના ખેલાડીને પછાડવો બહુ અઘરી વાત નહોતી એવું ઘણા બિલ્ડર્સને લાગ્યું. બરાબર નવના ટકોરે લિલામ શરૂ થયું. પ્લૉટની વિગતો, પ્લૉટ નંબર એનાઉન્સ કરવામાં આવ્યા. એની અંદાજિત કિંમત જાહેર કરવામાં આવી અને પચાસ કરોડથી બોલી શરૂ થઈ.

હજી તો ચારેક ખેલાડીઓ મેદાનમાં ઊતર્યા હશે કે એક રૂપાની ઘંટડી જેવો રણકતો ખણખણિત અવાજ સંભળાયો.

"સાઠ કરોડ..." પાછળ ઊભેલી અનાહિતા ધનરાજને જોઈને ત્યાં ઊભેલા સાઠ ટકાથી વધુ લોકોએ મનોમન પોતાની જાતને આ બોલીમાંથી પાછી ખેંચી લીધી. બે બાજુ મુકાયેલી ખુરશીઓની ગૅન્ગ-વેમાંથી ચાલતી અનાહિતા આવીને છેક આગળ ઊભી રહી.

સ્કાય બ્લૂ કલરના ટી-શર્ટ સાથે ઑક્સફર્ડ બ્લૂ કલરનું ફૉર્મલ ટ્રાઉઝર અને ઉપર એ જ રંગનું બ્લેઝર પહેરેલી અનાહિતા પહેલી જ નજરે માણસના શ્વાસ બંધ કરવાની તાકાત ધરાવતી હતી. પાંચ ફૂટ આઠ ઇંચ જેવી ઊંચાઈ અને માપ લઈને કોતરી કાઢ્યાં હોય એવા દિલધડક દેહવળાંકો, ગોળ ખભા, સ્તનોનો ઉભાર, પાતળી કમર અને લાંબા અમેરિકન યુવતીઓ જેવા પગ. એક પણ ડાઘ વગરની ચકચકતી તાંબા જેવી ત્વચા અને કાળા-લીસા અને સીધા નિતંબથી નીચે જતા લાંબા વાળ.

સામાન્ય રીતે અનાહિતા એક ચોટલો વાળતી અથવા બધા વાળ એક સ્કાર્ફમાં બાંધીને પોની-ટેઇલની જેમ છુટ્ટા રાખતી. અત્યારે પણ સ્કાય બ્લૂ કલરના સ્કાર્ફમાં લપેટીને છુટ્ટા રાખેલા એના વાળ નિતંબથી એક વેંત નીચે જતા હતા. મેક-અપ વગર પણ એનો ચહેરો અતિશય આકર્ષક દેખાતો હતો. આત્મવિશ્વાસથી સભર આંખો અને ચહેરા ઉપર 'ધનરાજ' હોવાનું અભિમાન!

અનાહિતા કોઈ પણ પુરુષ માટે ચૅલેન્જ સમાન હતી.

અને અનાહિતાને પણ પુરુષોની આ દુનિયામાં ટટ્ટાર ઊભા રહીને, પુરુષની આંખોમાં આંખો નાખીને એને હથિયાર નાખી દેતો જોવાનો એક શોખ હતો.

અનાહિતા ધનરાજ વિદેશથી પાછી આવી ગઈ છે અને ધનરાજ ગ્રૂપ ઑફ કંપનીઝમાં ડિરેક્ટર તરીકે જોડાઈ છે એવા સમાચાર તો ઘણાં છાપાંઓએ છાપ્યા હતા. પરંતુ અનાહિતા આવી રીતે ઑક્શનમાં ભાગ લેવા જાતે આવીને ઊભી રહેશે એવી કોઈને કલ્પના નહોતી.

ઓમપ્રકાશ દેસાઈ અને કરણ ઊભા હતા, બરાબર એ જ લાઇનમાં ટેબલના બીજા છેડે અનાહિતા આવીને ઊભી રહી.

"સાઠ કરોડ..." એણે ફરી કહ્યું.

"સાઠ કરોડ એક વાર..." લિલામ કરી રહેલા અધિકારીએ બૂમ પાડી.

"કરણ બોલ." ઓમપ્રકાશ દેસાઈએ કરણને હળવેકથી ગોદો માર્યો. કરણ મુગ્ધ થઈને અનાહિતાને જોઈ રહ્યો હતો. અનાહિતાની ચામડી મંડપની છતમાંથી ચળાઈને આવતા તડકામાં તગતગતી હતી. એના વાળ, એનું શરીર, ઊભા રહેવાની ખુમારી અને આંખોમાં છલકતો નર્યો-નીતર્યો આત્મવિશ્વાસ.

કરણે હસીને માથું ધુણાવ્યું, "જવા દો દેસાઈકાકા, પ્લૉટ અનાહિતાને જોઈએ છે."

"એવું ના હોય કરણ, આ બિઝનેસ છે." ઓમપ્રકાશ દેસાઈએ જરા જોરથી કહ્યું.

"બોલું?" કરણના ચહેરા પર હજી પણ રમતિયાળ સ્મિત હતું. ગાલમાં ખાડા પડતા હતા. તાજા ધોયેલા વાળ હવામાં ફરફરતા હતા. એ એના ડેનિમના એલ-પૉકેટના બંને ખિસ્સામાં હાથ નાખીને ઊભો હતો.

"પૂછે છે શું, બોલ..." દેસાઈએ પાનો ચડાવ્યો.

"સિત્તેર કરોડ..." કરણે રમતો હોય એવી રીતે કહ્યું.

અનાહિતાએ પોતાનું ડોકું જમણી બાજુ ફેરવ્યું અને કરણની સામે જોયું. આંખો ઝીણી કરી. ભવાં સંકોચ્યાં અને સ્કાર્ફમાંથી છૂટી પડીને ચહેરા પર આવી ગયેલી લટને આંગળી અને અંગૂઠાથી પાછળ ધકેલી. ઊંડો શ્વાસ લીધો અને ફરી પાછું સ્ટેજ તરફ જોઈને કહ્યું, "એંસી કરોડ..."

"પંચ્યાસી..." કરણના અવાજમાં એક રમતિયાળપણું હતું.

"પંચાણું..." અનાહિતાએ જાણે જીતવા જ આવી હોય એમ કહ્યું અને જમણી બાજુ ઊભેલા કરણ સામે જોયું.

"સો..." કરણે ફરી એક વાર કહ્યું અને ડાબી તરફ ઊભેલી અનાહિતા સામે જોઈને સ્મિત કર્યું.

અનાહિતાએ ડોકું ફેરવી લીધું અને સ્ટેજ તરફ જોઈને જોરથી કહ્યું, "એક દસ..." અનાહિતાની સાથે ઊભેલા એના એકાઉન્ટન્ટે ઝૂકીને એના કાનમાં કશું કહ્યું. અનાહિતાએ ડોકું ધુણાવીને હા પાડી.

"એકસો દસ કરોડ એક વાર..."

"એકસો દસ કરોડ બે વાર..."

"સવાસો કરોડ..." દેસાઈ ભાઈએ કરણનો હાથ પકડી લીધો.

"કરણ, શું કરે છે? આની કિંમત સો કરોડથી વધારે નથી."

"સવાસો કરોડ..." કરણે ફરી કહ્યું. દેસાઈ વિસ્ફારિત નજરે કરણની સામે જોઈ રહ્યા. આજ પહેલાં કોઈ દિવસ કરણે એમનો બોલ ઉથાપ્યો હોય એવું બન્યું નહોતું. સાવ બાળપણથી શરૂ કરીને આજ સુધી કરણ હંમેશાં દેસાઈકાકાની સલાહ માનતો. આજે પહેલી વાર કરણે એમની વાત નહોતી સાંભળી અને ધાર્યું કર્યું હતું.

"સવાસો કરોડ એક વાર..."

"સવાસો કરોડ બે વાર..."

"એકસો પચીસ કરોડ ત્રણ વાર..." લિલામ કરનાર અધિકારીએ લાકડાનો હથોડો બોર્ડ પર પછાડ્યો. મનોમન કરણને મૂર્ખો ગણતા બિલ્ડર્સ અને ડેવલપર્સે આવીને કરણને અભિનંદન આપ્યાં. સૌ સાથે હાથ મિલાવતાં કરણની નજર અનાહિતા પર હતી. સો કરોડ પછી એ આગળ બોલવા માગતી હતી, પણ એના એકાઉન્ટન્ટે એને રોકી એ વાતનો ગુસ્સો હજી એના લાલ થઈ ગયેલા ચહેરા પર તમતમતો હતો.

એ બહાર જવા માટે ખુરશીઓની વચ્ચેની ગૅન્ગ-વે સુધી આવી કે કરણ સામે ઊભેલા મુકેશ મહેતાને સહેજ ખસેડીને લગભગ દોડતો અનાહિતાની સામે આવીને ઊભો રહ્યો.

"હાય..."

"હાય... ઍન્ડ કૉન્ગ્રેચ્યુલેશન્સ..." અનાહિતાએ નાછૂટકે હાથ લંબાવ્યો.

"થૅન્ક્સ..." કરણે એ હાથને એક હાથમાં પકડીને એના પર બીજો હાથ મૂકી દીધો, "આજે જાતે?"

"યસ!" અનાહિતાએ નિઃશ્વાસ નાખ્યો, "પણ પહેલી જ ડીલમાં ફેલ થઈ ગઈ. આઇ થિન્ક, હું આ બિઝનેસ નહીં કરી શકું."

કરણના ચહેરાના હાવભાવ બદલાઈ ગયા, "કેમ?"

"ધનરાજ જ્યાં હાથ મૂકે ત્યાંથી હાથ પાછો લેવો પડે તો એ મારું નહીં, ધનરાજનું અપમાન છે. આઇ એમ શ્યૉર, ડૅડીને બહુ મઝા નહીં પડે આ સમાચારથી. એમણે તો આર્કિટેક્ટને બોલાવીને પાંચ માળના મૉલનો પ્લાન કરવા આપી દીધો છે." અનાહિતા ફિક્કું હસી.

"તો?"

"તો શું?" અનાહિતાના ચહેરા પર સહેજ હાર, સહેજ ગુસ્સો, કરણ માટેની ઈર્ષ્યા અને સાથેસાથે કરણે ખોટા ભાવે જમીન ખરીદ્યાનો એક વિચિત્ર હાસ્યાસ્પદ ભાવ હતો, "હવે ત્યાં ધનરાજનો મૉલ નહીં, જીજીસીની ફાઇવ સ્ટાર બનશે."

"આ જમીન હજીયે ધનરાજને મળી શકે." કરણના ચહેરા પર એ જ રમતિયાળ સ્મિત હતું અને ગાલમાં ખાડા.

"વ્હોટ રબીશ..." અનાહિતાએ અદબ વાળી અને ચહેરો ઝટકોર્યો, "મને બિઝનેસની બાબતમાં જોક્સ પસંદ નથી."

"તો કઈ બાબતમાં પસંદ છે?" કરણના કાળા, સુંવાળા, લિસ્સા વાળ પવનમાં ઊડતા હતા. એણે પોતાની આંગળીઓ વાળમાં ફેરવીને વાળ પાછળ ધકેલ્યા.

"જોકસ?" અનાહિતા સીધું કરણની આંખોમાં જોઈ રહી હતી. એની લાંબી વળેલી પાંપણો, ખુમારી છલકાવતી તેજસ્વી આંખો, તગતગતું કપાળ અને સીધું આર્યન નાક... પરવાળા જેવા હોઠ અને એનો થોડા ગુસ્સામાં આવેલો વળાંક... કરણ નખશિખ પીગળી રહ્યો હતો અનાહિતા નામના સૂરજના તાપમાં!

એને ક્યાંક વાંચેલી બે લીટી યાદ આવી ગઈ, "હું નગર મીણનું અને તું ધોમ તડકો... મારી ભીતર એક અંધકારનો ટુકડો, ઉજાસ થઈને મને અડકો." એણે સ્મિત કર્યું. બંને ગાલમાં ઊંડા ખાડા પડી ગયા, "આઇ મીન ઇટ... ખરેખર..." કરણે કહ્યું, "ધનરાજ હજી આ પ્લૉટના માલિક બની શકે છે. નો જોક્સ."

"તમે કાં તો મૂરખ છો અને કાં તો બહુ ચાલાક..." અનાહિતા હસી પડી. એના બત્રીસ દાંત એકસરખા મોતીની માળા જેવા ગોઠવાયેલા હતા. કરણનું હૃદય એક ધબકારો ચૂકી ગયું, "તમે શું કામ આપો આ પ્લૉટ ધનરાજને? આટલી ઊંચી કિંમતે ખરીદીને?"

"કારણ કે અનાહિતાની પહેલી ડીલ છે આ, અને એ ફેલ થાય એ મને નહીં પોસાય."

"કેમ?" અનાહિતાએ આંખો ઝીણી કરી, અદબ સહેજ વધુ કસી અને કશું સમજી ના હોય એમ ડોકું ધુણાવ્યું.

"બસ, એમ!" કરણની આંખોમાં એ 'કેમ'નો જવાબ લખેલો હતો, પણ અનાહિતાએ એ વાંચવાની તસદી લીધા વિના સીધો સવાલ પૂછ્યો,

"ને ધનરાજે તમને શું આપવાનું?"

"એક પ્રૉમિસ."

"શાનું?" અનાહિતાના ચહેરા પર અસમંજસ હતી.

"એક ડિનરનું."

"વ્હોટ?" અનાહિતાનો અવાજ ફાટી ગયો, "એક ડિનર માટે તમે મને સવાસો કરોડ રૂપિયાનો પ્લૉટ આપી દેશો? આઇ ડોન્ટ બિલીવ..."

કરણ હસી પડ્યો. એના ચહેરા પર એક નાના બાળક જેવી નિર્દોષતા અને પહેલી વાર પ્રેમમાં પડેલા સોળ વર્ષના કિશોરની મુગ્ધતા હતી. અનાહિતા એને જોઈ રહી. હવામાં ઊડતા વાળ, કસાયેલું શરીર, પહોળા ખભા, ભાવવાહી અને નિર્દોષ આંખો, ગાલના ખાડા અને ચહેરાનું સ્મિત...

"આઇ ડોન્ટ બિલીવ." એણે ફરી કહ્યું.

"આજે સાંજે, ડીલના પેપર્સ તમારે ત્યાં પહોંચી જશે." કરણે કહ્યું અને ફરી હાથ લંબાવ્યો. અવઢવમાં, અણસમજમાં અને બેવકૂફ બની હોય એવી લાગણી સાથે અનાહિતાએ પણ હાથ લંબાવ્યો.

"થૅન્ક્સ..." કરણે કહ્યું, "ડિનરની ડેટ નક્કી કરીને મને ફોન કરજો." પછી હસીને ઉમેર્યું, "અફકોર્સ ડીલના પેપર્સ પહોંચ્યા પછી." ફરીને દેસાઈને કહ્યું, "ચલો દેસાઈકાકા..."

કરણની બેફિકર ચાલ, પહોળા ખભા અને સુરેખ વી-શેઇપની પીઠ જોઈ રહેલી અનાહિતા જાણે સપનામાં હોય એમ એને જતો જોઈ રહી.

■